# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 09-01-2025** **Day : Tuesday** **Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **આરતી ભટ્ટ** વાંચે છે.

---

## પ્ર.મંત્રી મોદી પ્રવાસી ભારતીય દિવસ સંમેલનનું ઉદઘાટન

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ભુવનેશ્વરના જનતા મેદાન ખાતે ૧૮મા પ્રવાસી ભારતીય દિવસ સંમેલનનું ઔપચારિક ઉદ્ઘાટન કરશે. ભારત સરકાર દ્વારા ઓડિશા સરકારના સહયોગથી ૧૮મા પ્રવાસી ભારતીય દિવસ સંમેલનનું આયોજન 8થી 10 જાન્યુઆરી દરમિયાન ભુવનેશ્વરમાં કરવામાં આવી રહ્યું છે. આ પરિષદ ભારતીય મૂળના લોકોને એકબીજા સાથે જોડાવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે. આ પરિષદમાં ભાગ લેવા માટે પચાસથી વધુ દેશોના પ્રતિનિધિઓએ નોંધણી કરાવી છે. આ પરિષદનો વિષય છે - વિકસિત ભારતમાં NRIનું યોગદાન. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવતીકાલે સંમેલનના સમાપન સમારોહમાં હાજરી આપવા માટે આજે સાંજે ભુવનેશ્વર પહોંચશે. રાષ્ટ્રપતિ વિવિધ ક્ષેત્રોમાં તેમની સિદ્ધિઓ બદલ વિદેશી ભારતીયોને પ્રવાસી ભારતીય સન્માન પણ એનાયત કરશે. ઓલ ઈન્ડિયા રેડિયો દિલ્હી આજે પ્રવાસી ભારતીય દિવસના ઉદ્ઘાટન કાર્યક્રમ પર ઑફ-ટ્યુબ કોમેન્ટ્રી પ્રસારિત કરશે.**

---------------------------------------------------------------------------------

## પરિવહન મંત્રી – નિતિન ગડકરી સલામતી બેઠક

**કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરીએ કહ્યું કે, વર્ષ 2024માં માર્ગ અકસ્માતમાં એક લાખ 80 હજાર જેટલા લોકોના મોત નીપજ્યા છે. શ્રી ગડકરીએ નવી દિલ્હીમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પરિવહન મંત્રીઓ સાથે માર્ગ સલામતી અંગેની એક બેઠક બાદ પત્રકાર પરિષદ યોજી હતી.**

**માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્તો માટે કેશલેસ સારવાર યોજના શરૂ કરવામાં આવી હોવાનું પણ શ્રી ગડકરીએ ઉમેર્યું હતું.**

---------------------------------------------------------------------------------

## મરાઠી ભાષાને રાષ્ટ્રીય ભાષાનો દરજ્જો

મરાઠી ભાષાને સત્તાવાર રીતે શાસ્ત્રીય ભાષાનો દરજ્જો આપવામાં આવ્યો છે. મહારાષ્ટ્રના મરાઠી ભાષાના મંત્રી ઉદય સામંતે નવી દિલ્હીમાં કેન્દ્રીય સાંસ્કૃતિક મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત સાથે મુલાકાત કરી હતી, જ્યાં શ્રી શેખાવતે તેમને મરાઠી ભાષાને સત્તાવાર રીતે શાસ્ત્રીય ભાષા તરીકેનો દરજ્જો આપતો સરકારી ઠરાવ સુપરત કર્યો હતો.

પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી સામંતે જણાવ્યું કે, મહારાષ્ટ્ર સરકાર ટૂંક સમયમાં સ્થાપિત નિયમો પ્રમાણે શાસ્ત્રીય ભાષાને મળતા લાભ અંગે કેન્દ્ર સરકારને દરખાસ્ત મોકલશે.

---------------------------------------------------------------------------------

## મુ.મંત્રી ભૂપેન્દ્ર પટેલ – બેઠક એચએમપી વાયરસ

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનાં નેતૃત્વમાં ગઇકાલે રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં **HMP** વાયરસ પર નિયંત્રણ માટે તકેદારીનાં પગલાં પર ચર્ચા થઈ હતી. આરોગ્ય વિભાગે **HMP** વાયરસ અંગે તેનો અહેવાલ રજૂ કર્યો હતો. **HMP** વાઇરસથી ઉદભવનારી સંભવિત પરિસ્થિતિનો સામનો કરવા રાજ્યની જિલ્લા હોસ્પિટલો દ્વારા પૂર્વ તૈયારીઓ કરવામાં આવી છે. કચ્છમાં સર્વેલન્સ વધારવા સહિતની કામગીરી આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે.

રાજ્ય સરકારની માર્ગદર્શિકા અનુસાર આગોતરી તકેદારીના ભાગરૂપે ન્યૂમોનિયા સંલગ્ન કેસોને લઈ સર્વેલન્સ વધારવાની તમામ સંબંધીતોને સૂચનાઓ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા  આપી દેવામાં આવી છે. આ વાયરસ બાળકોને વધુ અસર કરી રહ્યો છે, ત્યારે વિશેષ રીતે બાળકોમાં ન્યૂમોનિયાના કેસ દેખાય કે કેસની સંખ્યામાં નોધપાત્ર વધારો જોવા મળે, તો તેના પર નજર રાખવા સાથે શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં સર્વેલન્સ વધારી આગોતરી તકેદારી વધારવાની શરૂઆત કરી દેવાઈ છે. કચ્છમાં હાલ રણોત્સવ ચાલી રહ્યો છે અને દેશ-વિદેશના પ્રવાસીઓનું આવાગમન જોવા મળી રહ્યું છે, ત્યારે આરોગ્ય તંત્ર જિલ્લમાં વધુ સતર્કતા દાખવી રહ્યું છે.

---------------------------------------------------------------------------------

## ઠંડીની તીવ્રતા

**પશ્ચિમી વિક્ષોભની અસર તળે રાજ્યમાં છેલ્લા ત્રણ દિવસથી ઠંડી વધુ તીવ્ર બનતાં કચ્છનું જનજીવન પ્રભાવીત થયું છે. ગઈકાલે નલિયામાં પારો 3.4 ડિગ્રીએ પહોંચતાં વર્તમાન શિયાળાની રૂતુનો સૌથી ઠંડો દિવસ અનુભવાયો હતો. જિલ્લા મથક ભુજમાં 9.2 અને કંડલા એરપોર્ટમાં 8.1 ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું.**

**હવામાન વિભાગે શીતલહેરની કોઈ ચેતવણી જારી કરી નથી પણ ઠંડીનું જોર હજુ એક દિવસ યથાવત રહેવાની આગાહી કરી છે. માલધારીઓના જણાવ્યા મુજબ આ ઠંડીથી દૂધ ઉત્પાદનમાં દૈનિક 7000 લિટરનો ઘટાડો થયો છે. માનવીની સાથે પશુધન પણ આ ઠંડીના મારથી બેહાલ છે.**

---------------------------------------------------------------------------------------

## જિલ્લા મીઠી ઉધોગ – સીડની કરાર

**કચ્છના મીઠા ઉધોગ માટે એક નવી તક ઉભી થવા પામી છે. ગુજરાત રિફાઈન્ડ સોલ્ટ મેની ફેકચર એસોસિએશન અને સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલોપ્મેન્ટ એટલે કે સીડબી વચ્ચે મહત્વપૂર્ણ કરારો પર હસ્તાક્ષર થયા હતા. આ કરાર મુજબ સીડબી મીઠા ઉત્પાદક એકમોને બે ટકા ઓછા વ્યાજે 500 કરોડની લોને અપાશે.**

---------------------------------------------------------------------------------------